**રે.દિ.મુ. નં. ૩૬/૨૦૧૬**

દાખલ થયા તારીખ : ૧૦/૦૫/૨૦૧૬
રજીસ્ટરે લીધા તારીખ : ૧૦/૦૫/૨૦૧૬
ફેસલ થયા તારીખ : ૦૪/૦૧/૨૦૧૮
સમયગાળો : વર્ષ, માસ, દિવસ.

# દેવભુમિ દ્વારકા જીલ્લાના મે. પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબની અદાલત સમક્ષ, મું.જામખંભાળીયા.

રેગ્યુલર દિવાની મુ. નં.૩૬/૨૦૧૬

આંક–૨૬

સત્યમેવ જયતે

વાદી : પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
થ્રુ, નાયબ ઈજનેરશ્રી,
વડત્રા સબ ડીવીઝન,
મું.ખંભાલીયા, જી. દેવભુમિ દ્વારકા.

**વિરુધ્ધ.**

પ્રતિવાદી : તુરી ભરતભાઈ પરસોતમભાઈ
ઉ. વ. આ. પુખ્ત, ધંધો. વેપાર–મજુરી,
મું. ગોઈંજ, ઠે. આશાપુરા મંદીરની બાજુમાં,
તા.ખંભાલીયા, જી. દેવભુમિ દ્વારકા.

**દાવો : વીજ વપરાશની લેણી રકમ રૂ.૨૮,૭૯૯/– વસુલ મળવા.**

---

**વાદી તરફે વિ. વ. શ્રી આર. વી. ભાદરકા**
**પ્રતિવાદી તરફે : ––––એકતરફી––––**

---

## –: ચુ કા દો :–

(૧) આ કામના વાદી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ એ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ અને ગુજરાત ઈલેકટ્રીક સીટી ઈન્ડસ્ટ્રીઝ (પુન:રચના અને

રેગ્યુલેશન) એકટ–૨૦૦૩ તળે કાયદાથી રચાયેલી સંસ્થા છે, જેની પેટા કચેરી દેવભુમિ ધ્વારકા જીલલાના ખંભાલીયા તાલુકાના વડત્રા ગામે આવેલ છે., વડત્રાની ઓફીસ ખંભાળીયા મુકામે આવેલ છે. વાદીને દાવો લાવવા હકક અધિકારી છે. વાદી કંપની વપરાશ યુનિટ ચાર્જીસ લઈને ગ્રાહકોને વીજ પુરવઠો પુરો પાડવાનો, વહેંચવાનો અને વીજ જોડાણ આપીને વીજળી આપવાનું તેમજ વીજળી અંગેની સેવાઓ આપવાનું કામકાજ કરે છે.

**(૧.૧)** આ કામના પ્રતિવાદી દેવભુમિ ધ્વારકા જીલ્લાના ખંભાલીયા તાલુકાના ગોઈંજ ગામે વાડી વિસ્તારમાં રહે છે, વડત્રા સબ–ડીવીઝનની અંદર આવે છે, કલમ–૧૩૫ મુજબના દાવાઓ દાખલ કરવાની હકુમત છે,પ્રતિવાદી વાદી બોર્ડના ગ્રાહક નથી. ગઈ તા.૨૭/૧/૧૬ ના રોજ વાદીના અધિકારી અને સ્ટાફ ધ્વારા ચેકીંગ કરતાં પીંતિવાદીએ પી. જી. વી. સી. એલ. કંપનીના પોલ ઉપરથી ડાયરેકટ લંગરીયું નાખી ઘર વપરાશના હેતુ માટે વીજ વપરાશ કરતા પકડાયેલ ગયેલા અને સ્થળ ઉપર રોજકામ અને ચેકીંગસીટ ભરવામાં આવેલ, મુદ્દામાલ કબજે કરેલ, અને પાવર ચોરીનું રૂા.૨૭,૭૯૬–૧૦ તથા કમ્પા.ચાર્જ રૂા.૧૦૦૦/– કુલ રૂા.૨૮,૭૯૬–૧૦ પૈ.નું તા.૨૭/૧/૧૬ ના રોજ પુરવણી બીલ આપેલ અને ત્યાર બાદ તા.૧ ૫–૨–૧૬ ના રોજ લીગલ નોટીશ આપવા છતાં વીજ ચોરીની રકમ પ્રતિવાદી ન ભરતા તેની સામે પી. જી. વી. સી. એલ. પોલીસ સ્ટેશન રાજકોટમાં ગુ. રજી. નં.૯૦૯/૧૬ થી લેખિત ફરીયાદ નાયબ ઈજનેરશ્રી વડત્રાએ આપેલ અને પાવર ચોરીની રકમ વાદી સંસ્થાએ ચુકવેલ નથી.

**(૧.૨)** વધુમાં જણાવેલ છે કે, વાદી સંસ્થા કાયદા મુજબ લેઝર (બુકસ ઓફ એકાઉન્ટ) માં નિયમિત રીતે લેણાના હીસાબો વ્યવસાયીક ક્રમમાં હીસાબી ચોપડામાં રાખે છે, પ્રતિવાદી પાસે દાવામાં દર્શાવ્યા મુજબની લેણી રકમ બાકી નીકળે છે, કાયદેસરની બાકી લેણી રકમ છે, નોટીસ આપેલ છે તેમ છતાં વાદી સંસ્થાને રકમ ચુકવેલ નથી તેવી વિસ્તૃત હકીકતો જણાવી આ કામના પ્રતિવાદી ધ્વારા થેપ્ટની રકમ ભરપાઈ ન કરતાં તેઓ કુલ રૂા.૨૮,૭૯૯/– વસુલ મેળવવા માટે દાવો દાખલ કરેલ છે અને

તેની સાથો સાથ તેઓએ ડીલે પેમેન્ટના ચાર્જ ૧૮% વાર્ષિક વ્યાજ અપાવવા માટે પણ દાદ માંગેલ છે.

(૨) વાદી તરફે દાવો દાખલ થતાં સામાવાળાને દાવા સંબંધે નોટીસ ઈશ્યું કરવામાં આવેલ હતી, અદાલત ધ્વારા સામાવાળાને જે નોટીસ ઈશ્યુ કરવામાં આવેલી તે નોટીસ તેઓને બજી ગયેલ છે અને બેલીફ ધ્વારા તેઓની સહી લઈ નોટીસની બજવણી કરી હોવાનો રીપોર્ટ આંક-૧૧ ની નોટીસમાં કરેલ છે. સદર નોટીસ બજી જતાં પ્રતિવાદીએ હાજર થઈ કોઈ જવાબ રજુ કરેલ નથી, જેથી આંક-૧ નીચે હુકમ કરી પ્રતિવાદીનો દાવા જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે તેમજ ત્યાર બાદ પણ આ કામના પ્રતિવાદી અદાલત સમક્ષ તેઓનો બચાવ કરવા માટે જાતે કે વકીલ મારફતે હાજર રહેલા નથી અને વાદીના આંક-૯ ના સોગંદનામા પ્રતિવાદીનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. આ કામે પ્રતિવાદી વિરુધ્ધ દાવાનું કામ એકતરફી ચલાવવામાં આવેલ છે.

(૩) વાદી તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

| ક્રમ નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | વિરલકુમાર આંબાલાલ પ્રજાપતિ (ના.ઈજનેર)નું પુરાવાનું સોગંદનામું, | ૦૯ |
| ૨. | પ્રતિ.ને બીલ ભરી જવાની આપેલ નોટીસ-એનેક્ષર-૧૨ | ૧૨ |
| ૩. | આખરી પુરવણી બીલ, | ૧૩ |
| ૪. | એનેક્ષર-૧૧ | ૧૪ |
| ૫. | તપાસણી અહેવાલ | ૧૫ |
| ૬. | મુદ્દામાલ કબજે લીધાનો એનેક્ષર-૪ | ૧૬ |
| ૭. | ખાતાકીય રોજકામ, | ૧૭ |
| ૮. | પોસ્ટની એકનોલોજમેન્ટ | ૧૮ |
| ૯. | વકીલશ્રી મારફત આપેલ લીગલ નોટીસ તથા પોસ્ટની રજી. પહોંચ અસલ, | ૧૯ |
| ૧૦. | નોટીસ મળી ગયાની પોસ્ટની રસીદ, | ૨૦ |
| ૧૧. | પોલીસ ફરીયાદ કરવાની અરજી, | ૨૧ |

| | | |
|---|---|---|
| ૧૨. | પ્રતિ. ઉપર કરેલ ફોજદારી ફરીયાદ, | ૨૨ |
| ૧૩. | લેજરનો ઉતારો, | ૨૩ |
| ૧૪. | દાવો દાખલ કરવાની પરવાનગી મળવા અંગેનો પત્ર, | ૨૪ |

(૪) દાવામાં રજુ થયેલ પક્ષ નિવેદનો અને દસ્તાવેજી આધારોના આધારે આંક–૭ થી નીચે મુજબના મુદ્દાઓ ફ્રેમ કરવામાં આવેલ છે.

(1) Whether the plaintiff proves that defendant has committed power theft and the same was detected on the date of checking i.e.Date 27/01/2016 ?

(2) Whether the plaintiff proves that plaintiff is entitled to recover sum of Rs.28799/- from the defendant ?

(3) Whether the plaintiff proves that the supplementary bill issued to the defendant for power theft is just, proper and legal ?

(4) Whether the plaintiff proves that suit filed by plaintiff is brought within the period of limitation ?

(5) Whether the plaintiff proves that plaintiff is entitled to delay payment charges ?

(6) Wether the plaintiff is entitled to receive the suit amount with interest ?

(7) Whether the plaintiff proves that the plaintiff has filed suit after obtaining necessary permission from the competent authority ?

(8) What order and decree ?

(૪.૧) વાદી તરફે રજુ થયેલ તેઓની દાવા અરજી, પુરાવાને ઘ્યાને લેતાં ઉપરોકત મુદ્દાઓ અંગે નીચે મુજબના તારણો આપવામાં આવેલ છે.

(૧) હકારમાં,

(૨) અંશત:હકારમાં,

(૩) હકારમાં,

(૪) હકારમાં,

(૫) નકારમાં,

(૬) અંશત:હકારમાં,

(૭) હકારમાં,

(૮) આખરી હુકમ મુજબ.

## -:: કા ર ણો ::-

**મુદ્દા નં.૧ થી ૬ :**

**(૫)** આ કામમાં ઉપરોકત મુદ્દા નં.૧ થી ૬ ની હકીકત વંચાણે લેતાં પરસ્પર સંકળાયેલી હોય તેના કારણોની એકીસાથે નોંધ કરવામાં આવેલી છે.

**(૫.૧)** આ કામમાં ઉપરોકત મુદ્દા નં.૧ થી ૬ ની હકીકત વંચાણે લેતાં તમામ મુદ્દાઓ પુરવાર કરવાની જવાબદારી વાદી કંપનીની છે.

**(૫.૨)** આ કામમાં વાદીની દાવા અરજી, વાદી પક્ષ તરફથી રજુ થયેલ મૌખિક અને લેખિત પુરાવાની હકીકતો અને વાદીના વિ.વ.શ્રીની રજુઆતને ધ્યાનમાં લેવાનું ન્યાયી અને વ્યાજબી જણાય છે.

**(૫.૩)** આ કામમાં વાદી પક્ષે સાહેદ નં.૧ વિરલકુમાર આંબાલાલ પ્રજાપતિ, નાયબ ઈજનેરનું પુરાવાનું સોગંદનામું આંક-૦૯ થી રજુ થયેલ છે, સાહેદના મૌખિક પુરાવાની હકીકતો વંચાણે લેતાં દાવા અરજીની હકીકતને સમર્થનકારક પુરાવો રજુ કરેલો છે તેમજ વાદી પક્ષે આંક-૧૨ થી આંક-૨૪ સુધીનો દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**(૫.૪)** આ કામમાં વાદી પક્ષ તરફથી રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાની હકીકતો વંચાણે લેતાં, વાદી કંપનીના અધિકારીઓએ અને કર્મચારીઓએ પ્રતિવાદીને ત્યાં

વીજ ચેકીંગ કરેલાની હકીકત અને ચેકીંગ દરમ્યાન અનઅધિકૃત વિજ વપરાશ થતો હોવાની હકીકત રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી પુરવાર થયેલ છે.

(૫.૫) આ કામમાં વાદી પક્ષ તરફથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવાની હકીકતો વંચાણે લેતાં, ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની જોગવાઈ મુજબ કાર્યવાહી કરી અને પ્રતિવાદીને પુરવણી બીલ ઈશ્યુ કરવામાં આવેલું છે, જેની રકમ વસુલ ન આપતાં વાદી પક્ષ તરફથી નોટીસ ઈશ્યુ કરવામાં આવેલ છે. ત્યાર બાદ પણ રકમ વસુલ આપેલ નથી જે હકીકત ફલિત થાય છે.

(૫.૬) આ કામમાં વાદી પક્ષે પ્રતિવાદી પાસેથી કુલ રૂા.૨૮,૭૯૯/– વસુલ મેળવવા માટે હાલનો દાવો રજુ કરેલો છે. આ કામમાં આંક–૧૩ થી વીજ વપરાશનું પુરવણી બીલનો દસ્તાવેજો રજુ થયેલા છે, જેની હકીકતો વંચાણે લેતાં, પ્રતિવાદી પાસે વીજ વપરાશની બાકી લેણી રકમ કુલ રૂા.૨૭,૭૯૬–૧૦ પૈ. બાકી હોવાનું ફલિત થાય છે. આ કામમાં વાદીએ દાવામાં પ્રતિવાદી પાસેથી રૂા.૨૮,૭૯૯/– વસુલ મળવાનો દાખલ કરેલો હોય, આ સંજોગોમાં વાદી પ્રતિવાદી પાસેથી રૂા.૨૭,૭૯૬/– બીલ મુજબની રકમ વસુલ મેળવવા હકકદાર હોવાનું ફલિત થાય છે.

(૬) આ કામમાં વાદી પક્ષ તરફથી વાર્ષિક ૧૮% વ્યાજની માંગણી કરવામાં આવેલી છે, આ કામમાં વાદી પક્ષે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાની હકીકતો વંચાણે લેતાં, વાદી અને પ્રતિવાદી વચ્ચે વ્યાજ/વિલંબિત ચાર્જ અંગે કોઈ કરાર થયેલો હોય તે અંગે પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલો નથી, આ સંજોગોમાં સી. પી. સી. કલમ–૩૪ ની હકીકતો ધ્યાનમાં લેવાનું ન્યાયી અને વ્યાજબી જણાય છે. આ કામમાં વાદીની કાયદેસરની લેણી રકમ પ્રતિવાદીએ વસુલ આપેલ નથી, એ સંજોગોમાં વાદી દાવો દાખલ કરેલ ત્યારથી હુકમનામાની રકમ વસુલ મળતાં સુધી પ્રવર્તમાન વ્યાજના દર ધ્યાનમાં લેતાં વાર્ષિક ૭.૫% લેખે હુકમનામાની રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર હોવાનું ફલિત થાય છે.

(૭) આ કામમાં વાદીના દાવાની હકીકત, રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાની હકીકતો વંચાણે લેતાં વાદીનો દાવો સમયમર્યાદામાં હોવાનું ફલિત થાય છે.

(૮) આ કામમાં રેકર્ડ વંચાણે લેતાં, પ્રતિવાદીને નોટીસ બજી ગયેલ છે પરંતુ હાજર થયેલા નથી અને આ કામે પ્રતિવાદી વિરુધ્ધ એકતરફી કાર્યવાહી ચાલેલી છે, આ સંજોગોમાં વાદી પક્ષ તરફથી રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાની વિરુધ્ધનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજુ થતો ન હોય, આ તમામ હકીકત અને સંજોગોને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

## -: હુ ક મ :-

(૧) વાદીનો દાવો અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) વાદી દાવામાં દર્શાવેલ બાકી લેણી રકમ **રૂા.૨૭,૭૯૬/- (અંકે રૂપીયા સત્યાવીશ હજાર સાતસો છનું પુરા) ૭.૫ ટકાના** વાર્ષિક વ્યાજ સાથે દાવો દાખલ કર્યાની તારીખથી લેણી રકમ ચુકવાય ત્યાં સુધીના સમય માટે પ્રતિવાદીની જાત તથા મિલ્કતમાંથી વસુલ મેળવવા પ્રતિવાદીની વિરુધ્ધમાં હુકમ કરવામાં આવે છે.

(૩) વાદીના દાવાનું ખર્ચ પ્રતિવાદીએ ભોગવવું, પ્રતિવાદીના ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૪) આ હુકમ મુજબનું હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા. ૦૪-થી માહે જાન્યુઆરી, સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

ખંભાળીયા.

તા.૦૪-૦૧-૨૦૧૮.

**(દિપકકુમાર મનસુખલાલ વ્યાસ)**
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ,
કોડ નં. જીજે ૦૦૩૨૬
જી. દેવભુમિ ધ્વારકા,
મું.ખંભાળીયા.